




વિનોદ મૈસુરીયા

# બારડોલીમાં 7.24 ઈંચ વરસાદ

**બારડોલીમાં** નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા, તંત્રની સતત નજર

**મીંઢોળા** નદી પર બનેલો લો-લેવલ બ્રિજ પણ સાવચેતીના ભાગરૂપે બંધ કરવામાં આવ્યો

### પલસાણામાં 8.24 ઈંચ વરસાદ, રસ્તા ખુલ્લા રહેતાં લોકોને રાહત

પલસાણાઃ પલસાણા અને આસપાસના વિસ્તારોમાં 206 મીમી એટલે કે આશરે 8.24 ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો છે. રાહતની વાત એ છે કે આટલા ભારે વરસાદ છતાં તાલુકામાં કોઈ મુખ્ય રસ્તા બંધ થયા નથી, તેમજ તંત્રને કોઈપણ વ્યક્તિનું રેસ્ક્યુ કરવાની ફરજ પડી નથી. સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. પલસાણા પોલીસ મથકના પી.આઈ. બી.ડી. ઝીલરિયા અને તેમની ટીમ દ્વારા આજે નીચાણવાળા વિસ્તારોની જાત મુલાકાત લેવામાં આવી હતી. પોલીસે લોકોને જરૂર જણાય તો તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસી જવા માટે અપીલ કરી હતી.

અનાવલ, બારડોલી, કડોદઃ સુરત જિલ્લામાં શુક્રવારે સૌથી વધુ વરસાદ અંબિકા તાલુકામાં ખાબક્યો છે, જ્યાં દિવસ દરમિયાન કુલ 515 મીમી (આશરે 20.60 ઈંચ) વરસાદ નોંધાયો હતો. આ સાથે અંબિકા તાલુકામાં મોસમનો કુલ વરસાદ ૨૧૫૯ મીમી સુધી પહોંચી ગયો છે. બીજી તરફ મહુવા તાલુકામાં પણ દિવસ દરમિયાન સતત વરસાદી માહોલ રહ્યો હતો, જ્યાં કુલ 123 મીમી (આશરે 4.92 ઈંચ) વરસાદ નોંધાયો છે. મહુવામાં સવારે ૧૦થી ૧૨ વાગ્યાના સમયગાળામાં સૌથી વધુ ૪૧ મીમી વરસાદ નોંધાયો હતો. મહુવા તાલુકામાં ચાલુ મોસમનો કુલ વરસાદ 1500 મીમીને પાર કરી ગયો છે.

બારડોલીમાં વહેલી સવારથી જ ગાજવીજ અને પવન સાથે સતત વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારો જળમગ્ન થઈ ગયા હતા. બારડોલીમાં આખો દિવસ દરમિયાન 184 મીમી એટલે કે 7.24 ઈંચ વરસાદ પડ્યો હતો. અત્યાર સુધીમાં બારડોલી તાલુકાનો કુલ વરસાદ 1625 મીમી એટલે કે લગભગ 64 ઈંચ નોંધાઈ ચૂક્યો છે. શુક્રવારે ભારે વરસાદને કારણે જનજીવનને માઠી અસર થઈ હતી. ભારે વરસાદની આગાહીને કારણે શાળા-કોલેજો સહિતની શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરી દેવાઈ હતી.

બારડોલીમાં સતત વરસાદને કારણે બારડોલીના મધ્યમાંથી પસાર થતી ખાડીમાં પાણીનો આવરો વધતાં ખાડી કિનારાના કેટલાક વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા. જેમાં ડી.એમ.નગર, શામરિયા મોરા, નાલંદા પાર્ક, શ્રીરામ નગર તેમજ ગાંધી રોડ પર આવેલા રાજીવનગર સહિતના વિસ્તારોમાં પાણી ભરાય જતાં લોકોને હાલાકી વેઠવી પડી હતી. બારડોલીના ધામડોદ લુંભા ગામની મોતી નગર સોસાયટી સહિતના વિસ્તારોમાં પણ પાણી ફરી વળ્યા હતા. બારડોલી અને બાબેનને જોડતો રેલવે ગરનાળામાં પાણી ભરાય જતાં વાહન વ્યવહાર માટે બંધ કરવું પડ્યું હતું. ઉપરાંત શામરિયા મોરા, જલારામ મંદિરથી ગાંધી રોડ જતાં માર્ગ પર પાણી ફરી વળ્યા હતા. જેને કારણે થોડા સમય માટે વાહન વ્યવહાર બાધિત થયો હતો.

રામજી મંદિર પાસે મીંઢોળા નદી પર બનેલો લો-લેવલ બ્રિજ પણ સાવચેતીના ભાગરૂપે બંધ કરવામાં આવ્યો હતો. નદી પાર વિસ્તારમાં રોડ પર પાણી ફરી વળતાં આ રસ્તો વાહન વ્યવહાર માટે બંધ કરી દેવાયો હતો. ઉપરવાસમાં તાપી જિલ્લામાં પડેલા ભારે વરસાદને કારણે મીંઢોળા નદી કિનારે નીચાણવાળા વિસ્તારોમાં સાંજના સમયે પાણી ભરાવાની શરૂઆત થઈ હતી. જેને કારણે તંત્ર દ્વારા તમામને સુરક્ષિત સ્થાને ખસી જવાની સૂચના આપવામાં આવી હતી. રાત્રે નદીની જળસપાટી વધે તેવી વકી દેખાઈ રહી છે. ભારે વરસાદને કારણે કડોદ ગામના મુખ્ય માર્ગો પર નદીઓની જેમ પાણી વહેતા થયા હતા. જ્યારે નીચાણવાળા વિસ્તારોમાં અને ઘરોમાં પાણી ભરાઈ જતાં ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સતત વરસેલા વરસાદને કારણે વિસ્તારના તમામ નદી-નાળાં છલકાઈ ગયાં હતાં અને ચારેય તરફ જળબંબાકાર જેવાં દૃશ્યો સર્જાયાં હતાં. રસ્તાઓ પર પાણી ભરાઈ જવાના કારણે વાહન વ્યવહાર અને દૈનિક વ્યવહારો સંપૂર્ણપણે ખોરવાઈ ગયા હતા.

સુરતના ઓલપાડ તાલુકામાં 7.08 ઈંચ વરસાદ નોંધાયો હતો.

# વાંકલમાં ભૂખી નદીને કારણે પૂર ટીવી, ગેસ બોટલ, ઘરવખરી તણાઈ

**માત્ર** ૧૫-૨૦ મિનિટમાં ઘરોમાં પાણી ઘૂસતાં ભારે ખાનાખરાબી

**૧૦૦૦થી** વધુ અસરગ્રસ્તને શાળા, આંગણવાડી અને સગા-સંબંધીઓના ઘરે આશ્રય અપાયો

વાંકલઃ માંગરોળ તાલુકામાં કીમ નદી અને ભયાનક બનેલી ભૂખી ખાડીના પૂરના લીધે સાર્વત્રિક કહેર વ્યાપ્યો છે. વાંકલ વિસ્તારમાં બપોરે અચાનક ૧૫-૨૦ મિનિટમાં જ પૂરનાં પાણી ઘરો અને તબેલાઓમાં પ્રવેશી જતાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ટીવી, ગેસ સિલિન્ડર અને ઘરવખરી તણાઈ જતાં લોકોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ વર્ષ-૧૯૯૪ પછી આ સૌથી ભયાનક પૂર છે. વાંકલના ગામીત, બજેટ અને બોમ્બે ફળિયા સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયા છે.

ઓવરટોપિંગ અને કોઝવે ડૂબવાને કારણે માંગરોળ તાલુકાના ૩૦ અને ઉમરપાડા તાલુકાના ૧૧ જેટલા મુખ્ય રસ્તા બંધ કરવામાં આવ્યા છે. વાંકલ-ગડકાછ, માંગરોળ-વાલિયા અને નાની પારડી જેવા તમામ વાહનવ્યવહારના માર્ગો ઠપ થઈ ગયા છે.

ઘટનાની જાણ થતાં જ મામલતદાર, TDO અને પોલીસ કાફલાએ સ્થળ પર પહોંચી રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. લુવારા, વાંકલ, ભીલવાડા, ગડકાછ અને લીંબાડા સહિતનાં વિવિધ ગામોના ૧૦૦૦થી વધુ અસરગ્રસ્તોને શાળા, આંગણવાડી અને સગા-સંબંધીઓના ઘરે આશ્રય આપવામાં આવ્યો છે. આગામી ૨૪ કલાકમાં વધુ વરસાદની આગાહી અને રેડ એલર્ટને પગલે વહીવટી તંત્રે નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા અને સુરક્ષિત રહેવા અપીલ કરી છે.


કિરણ ઢોડિયા

# કીમમાં મુશળધાર વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

કીમઃ કીમમાં ભારે વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. ઉપરવાસના વાલિયા અને નેત્રંગમાં પડેલા વરસાદ તેમજ બલદેવા અને પિંગોટ ડેમ છલકાતાં કીમ નદીની આવકમાં મોટો વધારો થયો છે. પરિસ્થિતિને ધ્યાને રાખી તંત્ર દ્વારા બોલાવ, ઉમરાછી, વડોલી અને કઠોદરા, કીમામલી જેવા નીચાણવાળાં ગામોમાં સાવચેતીનાં પગલાં લેવામાં આવ્યાં છે. સ્થાનિકોને સુરક્ષિત સ્થળે ખસી જવા તેમજ નદી પટથી દૂર રહેવા અપીલ કરાઈ છે.

ઓલપાડના કીમ નજીક સ્ટેટ હાઈવે પર ભારે વરસાદ-પવનથી ૨૫-૩૦ વર્ષ જૂનું વૃક્ષ ચાની દુકાન અને રોડ પર ધરાશાયી થયું હતું. દુકાન બંધ હોવાથી જાનહાનિ ટળી હતી. પોલીસે પહોંચી વૃક્ષ હટાવી ટ્રાફિક પૂર્વવત કર્યો હતો.

# કામરેજમાં 4 ઈંચ વરસાદ પડ્યો

કામરેજઃ કામરેજ તાલુકામાં 24 કલાકમાં 4.04 ઈંચ વરસાદ નોંધાયો હતો. આંબોલી ગામે તોતિંગ ઝાડ ટ્રક પર પડતાં મોટો અકસ્માત ટળ્યો હતો. મામલતદાર અને TDOએ પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી હતી. પૂરની સ્થિતિ સામે અગમચેતીરૂપે ચીખલી ગામના 34 લોકોને સલામત સ્થળે પ્રાથમિક શાળામાં સ્થળાંતરિત કરવામાં આવ્યાં છે.

# માંડવીના આમલી ડેમના 8 દરવાજા ખોલાતાં 27 ગામને એલર્ટ કરાયાં

**694** લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું



માંડવીઃ માંડવી તાલુકામાં તેમજ ઉપરવાસમાં પડેલા ધોધમાર વરસાદના કારણે વિસ્તારના તમામ મુખ્ય ડેમ અને જળાશયો છલકાઈ ગયા છે. પૂરની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. આમલી ડેમમાં પાણીની વિપુલ આવક થતાં તેના ૮ દરવાજા ખોલીને ૧૬,૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે, જે આગામી સમયમાં વધારીને ૨૨,૦૦૦ ક્યુસેક કરાય તેવી શક્યતા હોવાથી તાલુકાનાં ૨૭ નીચાણવાળાં ગામોને એલર્ટ કરવામાં આવ્યાં છે. તંત્ર દ્વારા ત્વરિત પગલાં ભરી સાલૈયા, મોરીઠા, નંદપોર, ગોડસંબા, કાછીયાબોરી અને રેગામા-રધીપુરા જેવાં ગામોમાંથી ૬૯૪ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ડેમોની સ્થિતિ પર નજર કરીએ તો, કાકરાપાર ડેમની ભયજનક સપાટી ૧૬૦ ફૂટ સામે પાણી ૧૬૩ ફૂટે પહોંચતાં તાપી નદીમાં ૩ ફૂટ ઉપરથી પાણી વહી રહ્યું છે, જેનાથી માંડવીનો રિવરફ્રન્ટ ગરકાવ થયો છે. લાખી ડેમ ભયજનક સપાટી ૭૪.૧૦ મીટર સામે ૭૪.૭૦ મીટરે પહોંચીને ૬૦ સે.મી. ઓવરફ્લો થતાં લાખગામ, સરકુઈ સહિત ૭ ગામને સાવચેત કરાયાં છે, જ્યારે ઈસર ડેમ પૂરેપૂરો ભરાઈ જતાં ઈસર, જૂનવાણ અને વિસડાલીયા ગામને એલર્ટ કરાયાં છે. માર્ગ વ્યવહારની વાત કરીએ તો, આમલી ડેમનું પાણી ફરી વળતાં માંડવી-કીમ સ્ટેટ હાઈવે બંધ થયો છે. તો માંડવી અરેઠ તાલુકામાં વહીવટ તંત્ર દ્વારા મુખ્ય રસ્તા બંધ કરી દેવાયા હતા. દેવગઢ-કોલખડી, મોરીઠા-કાલીબેલ, ગોડસંબા-કરવલ્લી, દેવગઢ-અંધારવાડી અને ખોડાંબા-પાતલ સહિત ૧૦થી વધુ મુખ્ય તથા ગ્રામીણ રસ્તા અને કોઝવે પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર ઠપ થઈ ગયો છે. હાલ આપત્તિ વ્યવસ્થાપન ટીમ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે અને તંત્ર દ્વારા લોકોને અફવાઓથી દૂર રહેવા તથા ઓવરફ્લો કોઝવે કે નદી-નાળા પાર ન કરવા અપીલ કરવામાં આવી છે.

## હથોડા, કીમ ચાર રસ્તા, કોસંબા, તરસાડી પંથક જળબંબોળ

હથોડાઃ સુરત જિલ્લામાં પડેલા ધોધમાર વરસાદને પગલે હથોડા, કીમ ચાર રસ્તા, લિંબાડા, કોસંબા અને તરસાડી પંથકમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. લિંબાડા ગામના નીચાણવાળા વિસ્તાર ધરાવતા ભાઠા ફળિયામાં પાણી ભરાતાં અસરગ્રસ્ત બનેલા ૧૮૨ લોકોને સરકારી શાળામાં સલામત સ્થળે સ્થળાંતરિત કરાયા છે. હથોડા, કીમ ચાર રસ્તા, પીપોદરા જી.આઈ.ડી.સી., કઠવાડા, વેલાછા, શેઠી, પાણેથા, મોટી નરોલી, મોટા બોરસરા, પાનસરા, ભાટકોલ, લીંડિયાત, લીમોદરા, તરસાડી, કુંવારદા, સાવા, નંદાવ, મોટી પારડી અને નાના બોરસરા જેવા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં જળબંબાકાર થયો છે.

બીજી તરફ કીમ નદી મોડી સાંજે બે કાંઠે વહેતી થઈ છે. જો નદીનું સપાટી વધશે તો કિનારાનાં અનેક ગામોમાં પૂરના પાણી ઘૂસી જવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હાલમાં કીમ નદી પર આવેલો વેલાછા-શેઠી પુલ પાણીમાં ગરકાવ થઈ જતાં વાહનવ્યવહાર માટે રસ્તો બંધ કરવામાં આવ્યો છે.

**જાહેર નિવિદા નં- ૧૫ સને ૨૦૨૬-૨૭**
**માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઇજનેરશ્રી, વલસાડ (મા. મ.) વિભાગ, સેવા સદન-૨, પહેલો માળ, વલસાડ-૩૯૬૦૦૧, ફોન-નં-(૦૨૬૩૨)૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા ધરમપુર અને વલસાડ પેટા વિભાગ દ્વારા લીગલ ડિપાર્ટમેન્ટ ના કુલ-૩ જેની અંદાજીત રકમ રૂ.૦૪ લાખ થી ૫૫.૯૫ લાખ છે. માટે ઓનલાઈન ટેન્ડરો માંગવામાં આવે છે. જેના ટેન્ડરો વેબસાઈટ https://www.tender.nprocure.com ઉપરથી જોવા મળશે.

ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ટ કામો તારીખ ૧૭-૦૮-૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે. અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય નિવિદા રદ કરવાની સત્તા અત્રેના વિભાગની અબાધિત રહેશે.

નં.માહિતી/વલસાડ/૨૮૯/૨૦૨૬

કાર્યપાલક ઈજનેર
વલસાડ (માયમ) વિભાગ,
વલસાડ




# તાપીમાં મેઘરાજાની જમાવટ ડોલવણમાં 7.8 ઈંચ વરસાદ

**જિલ્લાના** તમામ આઠ તાલુકામાં નોંધપાત્ર વરસાદ, જિલ્લામાં કુલ 1391 લોકોનું સ્થળાંતર કરાયું

વ્યારાઃ તાપી જિલ્લામાં મેઘાની જમાવટ જોવા મળી હતી. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન સમગ્ર જિલ્લામાં નોંધાયેલા વરસાદનાં આંકડા જોઇએ તો ડોલવણ તાલુકામાં સૌથી વધુ 7.8 ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે વ્યારા-વાલોડમાં 5.8 ઈંચ, સોનગઢ અને છેવાડાના નિઝર તાલુકામાં 5, ઉકાઈ તાલુકામાં 4.8 ઈંચ, કુકરમુંડા તાલુકામાં 3.6 ઈંચ અને ઉચ્છલ તાલુકામાં 3.4 ઈંચ વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં સરેરાશ વરસાદ 5.17 ઈંચ વરસાદ નોંધાયો હતો. વિદ્યાર્થીઓ અને બાળકોની સુરક્ષાના પગલે જિલ્લાની તમામ શાળાઓ, કોલેજો અને આંગણવાડીઓમાં સત્તાવાર રજા જાહેર કરાઈ હતી.

વ્યારામાં કોલેજ રોડ પર વ્યારા મિશન નાકા પાસે વરસાદી પાણી રસ્તા પર ફરી વળ્યું હતું. જિલ્લામાં સવારથી વરસાદી માહોલ રહેતાં જિલ્લામાંથી પસાર થતી અંબિકા, પૂર્ણા, ઓલણ, ઝાંખરી, મીંઢોળા સહિતની નદીઓ બે કાંઠે વહેતી થઈ હતી. બીજી તરફ મહારાષ્ટ્રના નવાપુર સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડતાં નવાપુર શહેર તેમજ ઉચ્છલમાંથી વહેતી રંગાવલી નદી તોફાની બની હતી તેમજ ઉચ્છલમાં ગવાણ ગામની સીમમાંથી વહેતી કાંટા નદીમાં પાણીનો પ્રવાહ વધ્યો હતો. ભારે વરસાદને કારણે જિલ્લામાં પંચાયત હસ્તકના કુલ 129 રસ્તા પ્રભાવિત થયા હતા.

તંત્ર દ્વારા ડોલવણમાં 623, વાલોડમાં 358, ઉચ્છલ તાલુકામાં 103, કુકરમુંડામાં 65, સોનગઢ તાલુકામાં 57, ઉકાઇમાં 47 વ્યારામાં 52, ઉકાઈ તાલુકામાં 47, નિઝર તાલુકામાં 22 અને વ્યારા નગરપાલિકા વિસ્તારમાંથી 64 મળી 1391 લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા.



### સોનગઢ અને ઉકાઈમાં 44 માર્ગ બંધ

સોનગઢ: અનરાધાર વરસાદ અને ઉપરવાસમાંથી પાણીની આવકના કારણે સોનગઢ અને ઉકાઈ પંથકના કુલ 44 મહત્વપૂર્ણ માર્ગો પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરી દેવાયો છે. રસ્તાઓ જળમગ્ન થતાં 10થી વધુ ગામડાંનો સંપર્ક તૂટ્યો છે અને જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. તો બોરદા રસ્તા પર આવેલા જલેબી ઘાટ પર ભારે વરસાદના કારણે વિશાળ ઝાડ ધરાશાયી થતાં વાહન વ્યવહાર ખોરવાયો હતો.

**તાપી જિલ્લામાં ક્યાં કેટલો વરસાદ**

ડોલવણ-7.8 ઈંચ
વ્યારા-5.8 ઈંચ
વાલોડ-5.8 ઈંચ
સોનગઢ-5 ઈંચ
નિઝર-5 ઈંચ
ઉકાઈ-4.8 ઈંચ
કુકરમુંડા-3.6 ઈંચ
ઉચ્છલ-3.4 ઈંચ

### સોનગઢમાં બેરિકેટિંગ અને પોલીસ બંદોબસ્ત

સોનગઢઃ માર્ગ અને મકાન વિભાગ તેમજ પંચાયત વિભાગ દ્વારા જોખમી બનેલા રસ્તાઓ પર બેરિકેડ્સ મૂકી પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. સતત મૂશળધાર વરસાદથી ઇસ્લામપુરા વિસ્તારનાં ઘરોમાં પાણી ફરી વળ્યા હતા.

### વાલોડ તાલુકામાં અનેક માર્ગો ઉપર પાણી ફરી વળ્યા

વાલોડઃ વાલોડમાં ધોધમાર ૬ ઈંચ વરસાદથી તાપી જિલ્લામાં 'રેડ એલર્ટ' જાહેર કરાયું છે, જેના પગલે તાલુકાના ૧૬ જેટલા માર્ગો બંધ થયા છે. બેડચીત-બુહારી હાઇવે પર પાણી ભરાતાં વાલોડ પોલીસે ડિવાઇડર તોડી પાણીના ઝડપી નિકાલની કામગીરી હાથ ધરી હતી. સુરક્ષાના ભાગરૂપે બુહારીના ૧૬ નાગરિકો તેમજ વિરપોર હળપતિવાસના લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

### કુકરમુંડામાં મૌલીપાડા (આમોદા) પ્રાથમિક શાળાના મેદાનમાં પાણી ભરાયા



કુકરમુંડાઃ ભારે વરસાદને પગલે બાલંબા પંચાયતના મૌલીપાડા (આમોદા) ગામની પ્રાથમિક શાળા, આંગણવાડી અને ઘરોમાં પાણી ભરાઈ જતાં બાળકો તથા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. ગટર લાઈનના તૂટેલા પાઈપ્સ અને યોગ્ય નિકાલના અભાવે દર ચોમાસે આ સમસ્યા સર્જાય છે. વારંવાર રજૂઆતો છતાં ઉકેલ ન આવતાં વાલીઓએ બાળકોને અન્ય શાળાએ મોકલવા પડે છે. ગ્રામજનોએ તાત્કાલિક પાકી આર.સી.સી. ગટર બનાવવાની માંગ કરી છે.

Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.
CIN-U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ નજીક, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
બ્રાન્ચ ઓફિસઃ મૂથૂટ હોમફિન (I) લિમિટેડ ઓફિસ નંબર 502, 5th માળ, રિદ્ધિ આર્કેડ, નારંગી બાયપાસ રોડ, વાયકે નગર, પેન્ટાલૂન્સ શોરૂમ ઉપર, વિરાર (વેસ્ટ), પાલઘર - 401304

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6) ની જોગવાઈ જુઓ]
**પ્રાઇવેટ ટ્રીટી કમ વેચાણ માટેની જાહેર નોટિસ**

સિક્યોરિટીઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા ઉધારકર્તાઓ પાસેથી બાકી લેણી રકમની વસૂલાત માટે નીચે દર્શાવેલ ગીરે મુકાયેલી સંપત્તિનો કબજો લીધા અનુસંધાને, નીચે વર્ણવેલ સ્થાવર મિલકત ખરીદવા માટે સીલબંધ કવરમાં નીચે સહી કરનાર દ્વારા ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જે 'જેમ છે જ્યાં છે તેના આધારે', 'જેમ છે જેવું છે તેના આધારે' અને 'જે કંઈ પણ છે તેના આધારે' કબજામાં છે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

| અ. નં. | ઋણ લેનારાઓ/ સહ-ઋણ લેનારાઓ/ જામીનદારો / લોન એકાઉન્ટ નંબર / શાખા | માંગણી નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | રિઝર્વ પ્રાઇસ | અનામત ડિપોઝિટ (EMD) (RP ના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | દેવેન્દ્ર પ્રવીણભાઈ વિસરોલિયા / ગુણવંતીબેન પ્રવીણભાઈ વિસરોલિયા / 002-00001263 / વલસાડ | રૂ. 18-Aug-2023 22,25,194/- રૂપિયા બાવીસ લાખ પચીસ હજાર એકસો ચોરાણું માત્ર. | ફ્લેટ નંબર F-3/407 ચોથો માળ, "શિવમ વિહાર" ગામ સોલસુંબા તા. ઉમરગામ, સુરત. | રૂ. 8,00,000/- રૂપિયા આઠ લાખ માત્ર. | રૂ. 80,000/- રૂપિયા એંસી હજાર માત્ર. |

1. હરાજી "જેમ છે જ્યાં છે" અને "જેમ છે જેવું છે" તેના આધારે યોજવામાં આવી રહી છે
2. હરાજી વેચાણની વિગતવાર નિયમો અને શરતો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સમાવિષ્ટ છે, જે ઉપર જણાવેલ પ્રાદેશિક કાર્યાલયમાં ઉપલબ્ધ છે
3. 'મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ' ની તરફેણમાં ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD અને KYC સાથે નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બીડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 20-Aug-2026 ના રોજ સાંજના 04:00 વાગ્યા સુધી ઉપર દર્શાવેલ સરનામે પ્રાદેશિક કાર્યાલય ખાતે છે. સંપૂર્ણ રીતે ભરેલા ન હોય તેવા ટેન્ડરો અથવા છેલ્લી તારીખ પછી મળેલા ટેન્ડરોને અમાન્ય ટેન્ડર ગણવામાં આવશે અને તે અનુસાર રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતની નિરીક્ષણની તારીખ 19-Aug-2026 ના રોજ બપોરે 1:00 વાગ્યાથી બપોરે 3:00 વાગ્યા વચ્ચે છે.
5. મિલકત માટે બીડ/ઓફર હરાજી તારીખ ખોલવાની તારીખ અધિકૃત અધિકારી દ્વારા ઉપર દર્શાવેલ શાખા કાર્યાલયના સરનામે 21-Aug-2026 ના રોજ બપોરે 1:00 વાગ્યે છે.
6. કોઈપણ બાકી વૈધાનિક નોટિસ અને બોજો / કર બાકી વગેરેની જો કોઈ હોય તો તેની ચુકવણી માટે MHIL જવાબદાર રહેશે નહીં અને રકમ ચૂકવવાની તેમની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઈચ્છુક બોલીદાતાએ મિલકતના બોજા ટાઈટલ અંગે પોતાની સ્વતંત્ર તપાસ કરવી જોઈએ અને સાથે જ નિરીક્ષણ કરીને ખાતરી કરી લેવી જોઈએ.
7. સર્વોચ્ચ બોલીદાતા MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના મળેલી તમામ કે કોઈપણ ઓફર/બીડ સ્વીકારવાનો અધિકાર અનામત રાખે છે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. ઋણ લેનારાઓ/જામીનદારોને આથી સરફેસી એક્ટ, 2002 હેઠળ હરાજીની તારીખ પહેલાં ઉપર જણાવેલ રકમ ચૂકવવા માટે 15 દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો ઉધારકર્તા વેચાણની તારીખ પહેલાં મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડને બાકી રકમ સંપૂર્ણ ચૂકવી દે છે, તો હરાજી રદ કરવાને પાત્ર છે. વધુ વિગતો માટે, ઉપર જણાવેલ ઓફિસના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો સંપર્ક વ્યક્તિ- પવન તિવારી- 9082135452

તારીખઃ 01, ઓગસ્ટ, 2026
સ્થળઃ સુરત

સહી/- અધિકૃત અધિકારી
મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ**
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
IDFC FIRST Bank
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૭૩૪૯૭૦૩ | હોમ લોન | ૧. લલીતાબેન ભરતભાઈ પાટીલ ૨. ભરત પાટીલ | ૨૫.૦૭.૨૦૨૬ | રૂા.૧૦,૬૯,૩૫૯.૨૪ |

**મિલકત નુ સરનામુ :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતો આર્ય રેસીડન્સી નો પ્લોટ નં. ૨૧૨, માપ ૭૨ ચો.વાર એટલેકે ૬૦.૨૮ ચો.મી. રોડ અને સી ઓ પી ની જમીન ના ૩૫.૨૬ ચો.મી. ના વણવહેંચેલા હિસ્સા સહિત રેવન્યુ સર્વે નં. ૫૫ બ્લોક નં. ૮૨ મોજે ગામ કારેલી, પલસાણા સુરત–ગુજરાત ખાતે આવેલ છે.**જેની ચર્તુદિશા : પૂર્વ તરફ** :સોસાયટી આંતરીક રોડ,**પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૨૨૭ , **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૨૧૩, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૨૧૧ આવેલ છે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૨. | ૧૦૭૨૨૦૬૬૩ | મિલકત સામે લોન | ૧. આશીષ અરૂણભાઈ જૈન ૨. ક્રિષ્ના યાર્ન ટ્રેડસ ૩. જૈન રામેશ્વરી અરૂણભાઈ | ૨૨.૦૭.૨૦૨૬ | રૂા.૧૩,૮૮,૬૭૩.૪૧ |

**મિલકત નુ સરનામુ :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી દુકાન નં. એસ–૪૫, માપ આશરે ૨૯૨ ચો.ફુટ એટલે કે ૨૭.૧૪ ચો.મી. સુપર બિલ્ટઅપ એરીયા અને માપ આશરે ૨૨.૬૨ ચો.મી બિલ્ટઅપ એરીયા, ૧૦.૩૧ ચો.મી ના વણવહેંચાયેલા જમીન ના હિસ્સા સહિત સીલીકોન શોપર્સ નામ ની જાણીતી સ્કીમ ના બિજા માળે આવેલ છે. જે રેવન્યુ સર્વે નં. ૩૭ ના ભાગમાં, સીટી સર્વે નં. ટીકા નં. ૩, ફાઈનલ પ્લોટ નં. ૨૨, ટી પી એસ નં.૧, (ઉધના મજુરા) મોજે ઉધના મેઈન રોડ, તાલુકા ચોર્યાસી ના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક અને સબડિસ્ટ્રીક સુરત ગુજરાત–૩૯૫૨૧૦, ખાતે આવેલ છે.**જેની ચર્તુદિશા : પૂર્વ તરફ** :જોડેના રોડ,**પશ્ચિમ તરફ** : જોડેનો એફ.પી નં. ૨૨ પૈકી ની જમીન , **ઉત્તર તરફ** : જોડેનો રોડ, **દક્ષિણ તરફ** : જોડેનો એફ.પી નં. ૨૨ પૈકી ની જમીન આવેલ છે.

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૦૧.૦૮.૨૦૨૬
સ્થળ : સુરત, ગુજરાત